વંચાણમાં

(૧) સરકારશ્રીના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક મકમ/૧૦૮૧/૨ ૯૮૮૯/છ તા. ૨૪/૩/૮૨

(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક સસય/૧૦૯૮/૩૧૬ ઝ તારીખ ૦૬/૬/૧૯૯૮

નં. મકમ/જનરલ/ડે.ઓ.પા./૧૦૩૬

ગાંધીનગર તા. ૧૪/૦૫/૨૦૧૩

## આ દે શ

સરકારશ્રીના ઉપરોકત વંચાણ–૧ અને ૨ હેઠળના ઠરાવથી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી કમ જિલ્લા સમાજ સુરક્ષ અધિકારીને વહીવટી નાણાકીય અને અન્ય સત્તાઓ અને ફરજો સોંપવાનું ઠરાવવામાં આવેલ છે નાણાકીય સત્તાઓન સોંપણીના નિયમો અનુસાર નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા દ્વારા તા. ૧૪/૬/૧૯૮૨ ના આદશે નં. મકમ/જનરલ/ડે.ઓ.પા./૫૧૧૬ અને તા. ૧૦/૩/૨૦૦૦ ના પરિપત્ર મુજબ મકમ/ ડેલી.પા./૨૮૯૭ થી સત્તા સોંપણીના આદેશ કરેલ છે. આ ઉપરાંત નીચે મુજબ સમાજ સુરક્ષાના ખાતાના અધિકારીઓને સત્તાઓ સોંપવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

| ક્રમ | સત્તાનો પ્રકાર | અગાઉ આદેશો ઉપરાંત સત્તાઓ હવે જે અધિકારીને સોંપવામાં આવે છે તેની વિગત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ ફાળવવાની અને તેના આદેશ કરવાની સત્તા | હિસાબી અધિકારી (વર્ગ–૧)<br>નોંધઃ– સમાજ સુરક્ષા ખાતાના સબંધિત નાયબ નિયામકશ્રી તેઓની શાખા હસ્તકની કચેરી/સંસ્થાઓને ગ્રાન્ટ ફાળવણી ના આદેશ હિસાબી શાખાના અભિપ્રાય સાથે કરવા<br>(૨) રાજય સરકારના સ્થાયી આદેશની શરતોને આધીન |
| ૨. | તમામ પ્રકારના યુ.ટી.સી.માં પ્રતિહસ્તાક્ષર કરવાની સત્તા | હિસાબી અધિકારી (વર્ગ–૧) |
| ૩ | સ્ટેશનરી ખરીદી અંગે.<br>(સરકારી સ્ટેશનરી સિવાય) | (અ) વડી કચેરી માટે નિયામકશ્રીની સત્તાઓ નાયબ નિયામકશ્રી (વહટ) નાયબ નિયામકશ્રી વહીવટ |
| | | (બ) જિલ્લા કચેરીઓ માટે કચેરીના વડા નાણાં વિભાગના તા. ૬/૬/૯૮ ના ઠરાવથી આપવામાં આવેલ સત્તાની મર્યાદામાં |
| ૪. | વડી કચેરી તથા તાબાની કચેરીઓ હસ્તકના સરકારી વાહનોનો મારમત ખર્ચ મંજુર કરવા બાબત. | (અ) રૂ. ૧૦.૦૦૦/– સુધી નાયબ નિયામકશ્રી (રેકર્ડ શાખા) |
| | | (બ) તેથી વધુ માટે નિયામકશ્રી પરંતુ નાણાં વિભાગના તા. ૬/૬/૯૮ ના ઠરાવથી ખાતાના વડાને મળેલ સત્તાની મર્યાદામાં નોંધ જિલ્લા કચેરીના કચેરીના વડા સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ ૬/૬/૯૮ ના ઠરાવથી મળેલ સત્તાની મર્યાદામાં ખર્ચ કરી શકાશે. તે ઉપરાંતના ખર્ચ માટે વડી કચેરીની મંજૂરી મેળવવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૫ | ટાઇપ રાઇટર મીશન , રોનીયોમશીન, કેલ્યુકયુલેટર્સ, કોપીયર મશીન, ફેકશ કોમ્પુટર સહિત અન્ય ઓફિસ ઇકવીપેમેન્ટ ના સાધનોને નિભાવવ માટે સર્વિસ કરાર કરવા તથા મરામત ખર્ચ નિભાવણી ખર્ચ કરવાની સત્તા | (અ) વડી કચેરી માટે રૂ. ૧૦,૦૦૦/- સુધી નાયબ નિયામકશ્રી (રેકર્ડ શાખા ) અને તેથી ઉપરના ખર્ચ માટે નિયામકશ્રી (પરંતુ નાણા વિભાગનાતા. ૬/૬/૯૮ ના ઠરાવની મર્યાદામાં) |
| | | (બ) જિલ્લા કચેરીના વડા સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૬/૬/૯૮ ના ઠરાવની જોગવાઇ મુજબ તેઓને આપેલ સત્તાની મર્યાદામાં ખર્ચ કરી શકશે. |
| ૬ | ઓવર ટાઇમ ટાઇપીસ્ટના ટાઇપીંગના કામ માટે તેને રાખવાની અને મહેનતાણાંની મંજૂરી | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૭ | કોઇ પણ પ્રકારનું કન્ટીજન્સી માંથી ખર્ચ કરવા બાબત. | (અ) વડી કચેરી માટે નાયબ નિયામકશ્રી આવર્તક ખર્ચ દરેક કેસોમાં વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- અનાવર્તક ખર્ચ દરેક કેસમાં વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/- તેથી ઉપર નિયામકશ્રી (ખાતાના વડાને મળેલ સત્તાની મર્યાદામાં ) |
| | | (બ) જિલ્લા કચેરીઓ માટે કચેરીના વડા સરકારશ્રીના નાણા વિભાગના તા. ૬/૬/૧૯૯૮ ના ઠરાવથી જોગવાઇ મુજબ તેમને મળેલ (આઇટમવાર) સત્તાની મર્યાદામાં |
| ૮ | ઉચ્ચક બીલોથી રૂ. ૧૦,૦૦૦/- (દશ હજારમાં સુધીની રકમ ઉપાડવાના આદેશો કરવા બાબત. | (અ) વડી કચેરી માટે<br>હિસાબી અધિકારી વર્ગ-૧) |
| | | (બ) જિલ્લા કક્ષાએ<br>જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (ડાયેટ માટે તથા તેને આનુષાંગિક વ્યવસ્થા માટે) |
| ૯ | અધિકારી/કર્મચારીઓને ખાસ પગાર અંગત પગાર કેશ એલાઉન્સ : વાહન ભથ્થુ ટ્રાઇબલ એલાઉન્સ મંજુર કરવા બાબત. | (અ) વર્ગ-૧, ૨ માટે નિયામકશ્રી<br>(બ) વર્ગ-૩ ૪ માટે નાયબ નિયામકશ્રી |
| ૧૦ | અધિકારી તથા કર્મચારીઓને મકાન બાંધકામ પેશગી મોટર સાયકલ /સ્કુટર /મોપેડ/મોટર કાર /સાયકલ પેશગી/ મંજુર કરવા બાબત. | (અ) વર્ગ-૧ , ૨ ના કિસ્સામાં નિયામકશ્રી<br>(બ) વર્ગ-૩,૪ ના કિસ્સામાં નાયબ નિયામકશ્રી |
| ૧૧ | રોજમદાર કર્મચારીઓ (વર્ગ-૪) રાખવા બાબત. | (અ) વડી કચેરી માટે નિયામકશ્રી<br>(બ) જિલ્લા કચેરી માટે કચેરીના વડા (સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૬/૬/૧૯૯૮ ના ઠરાવથી જોગવાઇની મર્યાદામાં |
| ૧૨ | વર્ગ- ૧ , ૨ ના અધિકારીઓ તથા વડી કચેરીના વર્ગ-૩. ૪ ના કર્મચારીઓની રજા પ્રવાસ રાહત સવલત તથા રજા પ્રવાસ અંગે ટી.એ. એડવાન્સ મંજુર કરવા તેમજ સંલગ્ન હકક રજાઓ રોકડમાં રૂપાંતર કરવા બાબત. | (અ) વર્ગ-૧ તથા વર્ગ-૨ ના અધિકારીઓ માટે નિયામકશ્રી<br>(બ) વડી કચેરીના વર્ગ-૩ , ૪ ના કર્મચારીઓ માટે નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૧૩ | વર્ગ-૧ અને ૨ ના અધિકારી તથા કચેરીના વર્ગ-૩, ૪ ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિમાંથી પેશગી મંજુ ર કરવા બાબત. | (અ) વર્ગ-૧ , ૨ માટે નિયામકશ્રી<br>(બ) વર્ગ ૩, ૪ માટે નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૧૪ | વડી કચેરીના વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓની હકક રજા અર્ધપગારી રજા રૂપાંતરીત રજા , અસાધારણ રજા | નાયબ નિયામકશ્રી (વહીવટ)<br>૨૪૦ દિવસ સુધી તેનાથી વધુ દિવસની રજા નિયામકશ્રી મંજુર કરશે. |

| | | |
|---|---|---|
| ૧૫ | વર્ગ- ૧, ૨ના અધિકારીઓ તથા વડી કચેરીના વર્ગ-૩, ૪ ના કર્મચારીઓના પ્રવાસ ભથ્થા પેશગી બદલી પ્રવાસ પેશગી તહેવાર પેશગી પંખા પેશગી , અનાજ પેશગી મંજુર કરવા બાબત. | (અ) વર્ગ-૧ તથા ૨ માટે નિયામકશ્રી<br>(બ) વર્ગ-૩ ,૪ નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૧૬ | વર્ગ-૧ , ૨ ના અધિકારી ઓ તથા વડી કચેરીના વર્ગ-૩, ૪ ના કર્મચારીઓના વાર્ષિક ઇજાફા મંજુર કરવા બાબત. | (અ) વર્ગ-૧ તથા ૨ ના અધિકારીઓ માટે નિયામકશ્રી<br>(બ) વર્ગ-૩ ,૪ ના કર્મચારીઓ માટે નાયબ નિયામ (વહીવટ) |
| ૧૭ | સરકારી સંસ્થાઓ માટે સાધન સામગ્રી જેવી કે ફર્નિચર, વાસણો, ગાદલાં , ગોદડાં , ચાદરો, ઓશિકા, પલંગ, પંખા વગેરેની ખરીદીની મંજૂરી | (અ) રૂ. ૫૦૦૦/- સુધી સબંધિત જિલ્લા સમાજ સુ અધિકારી અને તેથી વધુ માટે નિયામકશ્રી( સરકાર સરકારશ્રીની વખતોવખતની સ્થાયી સુચનાઓને આધીન |
| ૧૮ | વડી કચેરીના વર્ગ-૩, ૪ ના કર્મચારીઓની પ્રાસંગિક રજા મરજિયાત રજા વળતર રજા મંજુર કરવા બાબત. | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૧૯ | વડી કચેરીના ડ્રાઈવર તથા વર્ગ-૪ ના કર્મચારીઓને ધોલાઇ ભથ્થુ , સિલાઇ ખર્ચ સાયકલ ભથ્થું, મંજુર કરવા બાબત. | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૨૦ | વડી કચેરીની વર્ગ-૩ અને વર્ગ-૪ ની મહિલા કર્મચારીઓ ને મેટરનીટીલીવ (પ્રસુતિની રજા) મંજુર કરવાની સત્તા | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૨૧ | વર્ગ-૧ તથા ૨ અધીકારીઓની તથા વડી કચેરીના વર્ગ-૩ -૪ ના કર્મચારીઓની સેવાપોથી/ સર્વિસ રોલમાં સેવા વિષયક નોંધ કરવાની તથા પ્રમાણિત કરવાની સત્તા | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૨૨ | વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના પગાર નકકી કરવાની સત્તા | (અ) વડી કચેરી માટે<br>નાયબ નિયામકશ્રી (વહીવટ)<br>(બ) જિલ્લા કચેરીઓ માટે કચેરીના વડા |
| ૨૩ | વડી કચેરીના તથાજિલ્લા કચેરીઓના વર્ગ-૧ થી વર્ગ-૪ ના અધિકારીઓ/ કર્મચારીઓના નામ /અટકમાં તેઓએ કરેલ ફેરફાર સુધારાની તેમની સેવા ના રેકર્ડમાં નોંધ કરવાની મંજૂરી આપવાની સત્તા. | નિયામકશ્રી |
| ૨૪ | કર્મચારીઓને ખાસ ઇજાફાની મંજુર કરવાની બાબત. | નાયબ નિયામકશ્રી (વહીવટ) |
| ૨૫ | કર્મચારીઓને મકાન ભાડું મંજૂર કરવાની સત્તા | નિયામકશ્રી |
| ૨૬ | વડી કચેરી દ્વારા મંજુર કરવામાં આવેલ ખર્ચની ચુકવણી અંગેના બીલો પ્રવાસ ભથ્થા અંગેના બીલો તથા અન્ય બીલો (પગાર બીલો સિવાયના) પર પ્રતિહસ્તાક્ષર કરવાની સત્તા | રૂ. ૧૦,૦૦૦/- સુધી સબંધિત નાયબ નિયામકશ્રી<br>નોંધઃ- મંજૂરી આદેશની ચકાસણી કર્યા બાદ જ પ્રતિહસ્તાક્ષર કરવાના રહશે) |
| ૨૭ | સરકારી સંસ્થાઓ માટે કોલસા ,ગેસ, ડીઝલ, તેમજ શાકભાજી. દૂધ. અનાજ, ખાંડ, ઘી, તેલ જેવી ભોજન માટેની સામગ્રી ને લગતી તથા તેને આનુષાંગિક પરચૂરણ ચીજવસ્તુઓ ખરીદ કરવાની મંજૂરી આપવાની સત્તા | ૫૦૦૦ સુધી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તેથી ઉપર નિયામકશ્રી |
| ૨૮ | સરકારી કર્મચારીઓના મુસાફરી ભથ્થાં બીલો પ્રતિહસ્તાક્ષર કરવા બાબત. | હિસાબી અધિકારી ( વર્ગ-૧) |

| | | |
|---|---|---|
| ૨૯ | જિલ્લાની કચેરીઓના સરકારી કર્મચારીઓના વાર્ષિક ઇજાફા મંજુર કરવા અંગે. | સબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (સ.સુ.) |
| ૩૦ | પેન્શન કેસ<br>પેન્શન કેસ તૈયાર કરી પ્રતિહસ્તાક્ષર કરવાની બાબત. | વર્ગ–૧ અને ૨ નિયામકશ્રી<br>વર્ગ–૩ અને ૪ નાયબ નિયામકશ્રી (વહીવટ)<br>(બ) સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓ માટે સબંધિત શાખાના નાયબ નિયામકશ્રી |

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાનાઃ–

(૧) વડી કચેરી ખાતેના તપાસ અધિકારીશ્રીઓ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) તમામ જિલ્લાસમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) ખાતા હસ્તકની તમામ સરકારી સંસ્થા/કચેરીઓના વડાઓને જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.